# ડેન નેટવર્ક્સ લિમિટેડનો આઈપીઓ ૨૮ ઓક્ટોબરથી ખુલશે

અમદાવાદ,

ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ (ડેન) રૂા. ૧૦ની કિંમતનો એક એવા બે કરોડ ઈક્વિટી શેરોના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા મૂડી બજારમાં પ્રવેશી રહી છે. ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ રૂા.૧૯૫થી રૂા. ૨૦૫ નક્કી કરવામાં આવ્યો છે. ઈશ્યુ ૨૮ ઓક્ટોબર ૨૦૦૯નાં રોજ ખુલશે અને ૩૦ ઓક્ટોબરના રોજ બંધ થશે.

બે કરોડ ઈક્વિટી શેરમાંથી જાહેર જનતાને ૧૯,૭૫૦,૦૦૦ ઈક્વિટી શેરો ઓફર કરવામાં આવશે. આ ઉપરાંત બીજા ૨.૫ લાખ ઈક્વિટી શેરો માન્ય કર્મચારીઓના સબસ્ક્રિપ્શન માટે અનામત રાખવામાં આવશે. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (ક્યુઆઈબી)ને ૬૦ ટકા શેરો ફાળવવામાં આવશે, જેમાંથી ૩૦ ટકા હિસ્સો એન્કર ઈન્વેસ્ટર્સનો છે. એચએનઆઈને ૧૦ ટકા અને રિટેલ ઈન્વેસ્ટર્સને ૩૦ ટકા શેરો ફાળવવામાં આવશે.

સમીર માનચંદા દ્વારા પ્રમોટ કરવામાં આવેલી ડેન નેટવર્ક્સ લિમિટેડ દેશની અગ્રણી કેબલ ટેલિવિઝન કંપનીઓમાં સ્થાન પામે છે, જે સમગ્ર ભારતમાં એક કરોડથી વધુ ગ્રાહકો ધરાવે છે. જુલાઈ ૨૦૦૭માં સ્થાપિત ડેન નેટવર્ક્સ લિમિટેડ દેશના ૭૭ શહેરોમાંથી તેની સેવાઓનું વિસ્તરણ કર્યુ છે અને હાલમાં તે ત્રણ લાખ ડિજિટલ કેબલ ટેલિવિઝન ગ્રાહકો ધરાવે છે. કંપનીએ સ્થાપના થઈ ત્યારથી દેશભરમાં ૯૨ સ્થાપિત એમએસઓનું સફળતા પૂર્વક એક્વિઝિશન અને ઈન્ટીગ્રેશન કર્યું છે.